# ઘરકામ કરી પેટિયું રળતી શ્રમજીવી મહિલાને કેન્સર હોવાની જાણ થતાં માથે આભ તુટી પડ્યું

## બીપીએલ કાર્ડમાં નામ દાખલ કરવાનું રહી ગયું હોવાથી વિના મૂલ્યે સારવારના લાભથી વંચિત : સારવાર માટે રૂ. ૨ થી ૨.૫ લાખના ખર્ચનો અંદાજ : સોમવારે અમદાવાદ સિવિલમાં દાખલ થવાનું છે : નગરના દાતાઓ અને સેવાભાવી સંસ્થાઓ સમક્ષ મદદની રાવ

ગાંધીનગર, તા. ૧૦

એવું કહેવાય છે કે જ્યારે આફત આવે છે ત્યારે તે અગાઉથી કહીને નથી આવતી. ગાંધીનગરમાં લોકોના ઘરે વાસણ-કચરા-પોતાં જેવા ઘરકામ કરી ગુજરાન ચલાવતી એક શ્રમજીવી મહિલાને અચાનક ગર્ભાશયમાં કેન્સર હોવાનું નિદાન થતાં પરિવાર પર આભ તુટી પડ્યું છે. અધુરામાં પુરૂ હોય એમ બીપીએલ કાર્ડમાં મહિલાનું નામ લગ્ન બાદ દાખલ કરાવવાનું રહી ગયેલ હોઈ સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે મળતા લાભો મેળવવામાં પણ મુશ્કેલી ઉભી થવા પામી છે. આવી દયાનજક પરિસ્થિતિમાં મહિલાને સોમવારે અમદાવાદની સિવિલ હોસ્પિટલના કેન્સર વિભાગમાં સારવાર માટે દાખલ થવાનું હોઈ નગરજનો અથવા સેવાભાવી સંસ્થાઓ તરફ મહિલા આર્થિક મદદ માટે આશાભરી મીટ માંડી રહી છે.


(તસવીર : સમીર રામી)

ગાંધીનગરના સે. ૭-સીમાં એક ખુલ્લી જગ્યામાં છાપરૂ બાંધીને રહેતી શનીબેન બાબુભાઈ ભાભોર નામની આશરે ૪૪ વર્ષીય મહિલા સેક્ટરના રહીશોના ઘરે કચરા-પોતા-વાસણ-કપડાં જેવા ઘરકામો કરી પોતાનુ પેટિયું રળે છે અને પરિવારનું ગુજરાતન ચલાવે છે. શનીબેનના પતિ બાબુભાઈ પેડલ રીક્ષા ચલાવીને થોડુ ઘણુ મળે તે કમાય છે. છેલ્લા બેએક વર્ષથી શનીબેનને પેઢુમાં વારંવાર દુઃખાવો થતો હતો. પરંતુ દુઃખાવો થાય ત્યારે પેઈન કિલર ગોળીઓ લઈ તેઓ કામે વળગી જતા હતા. છેલ્લા સપ્તાહથી આ દુઃખાવો વધી જતા તેઓ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં બતાવવા ગયા ત્યારે તેમને ત્યાંથી અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ થવાનું જણાવ્યું, પરંતુ રોગ અંગે માહિતી આપી નહોતી. શનીબેન અમદાવાદ સિવિલમાં બતાવવા ગયા તો ચેકઅપ બાદ તેમને હોસ્પિટલમાં રૂપિયા વીસ હજાર ભરી દાખલ થઈ જવા સૂચના અપાઈ ત્યારે તેઓ હેબતાઈ ગયા હતા. જે રહીશોના ઘરે તેઓ ઘરકામ કરવા જાય છે તેમને વાત કરતાં એક માયાળુ બેન તેમને રાંધેજા અને કલોલ ખાતે ઓળખિતા ડૉક્ટરને ત્યાં બતાવવા લઈ ગયા ત્યારે શનીબેનને ગર્ભાશયનું કેન્સર હોવાની જાણ થઈ. બસ કેન્સરનું નામ સાંભળતા જ જાણે શનીબેનના માથે આભ તુટી પડ્યું. આ કેન્સર અત્યારે બીજા તબક્કામાં હોવાનું અને સારવાર માટે ઓપરેશન દ્વારા ગર્ભાશય કાઢી નાંખવા તેમને ડૉક્ટરે સલાહ આપી હતી અને તે માટે રૂપિયા બે થી અઢી લાખનો ખર્ચનો અંદાજ જણાવવામાં આવ્યો છે. આમ તો સરકારી સિવિલ હોસ્પિટલમાં બીપીએલ કાર્ડ ધારક ગરીબોને વિનામૂલ્યે સારવાર મળે છે. પરંતુ ખાટલે મોટી ખોડ એ છે કે શનીબેનનું નામ બીપીએલ કાર્ડમાં સામેલ થયું નથી અને આ બાબત અંગે તેઓ અજાણ હતા. મૂળ દાહોદ નજીક ગરબાડા તાલુકાના વતની શનીબેન પાસે ત્યાંના ચૂંટણી કાર્ડ સિવાય બીજો કોઈ પુરાવો નથી તેથી તેમની સ્થિતિ કફોડી પેદા થવા પામી છે.

આ સંજોગોમાં ફરી અમદાવાદ સિવિલ હોસ્પિટલમાંથી તેમને સોમવાર તા. ૧૩મી એપ્રિલે દાખલ થઈ જવાની સૂચના આપવામાં આવી છે. ત્યારે શરૂઆતના તબક્કે ભરવાના રૂપિયા ૨૦,૦૦૦ની રકમ અને પછીથી થવાના ખર્ચને કેવી રીતે પહોંચી વળવુ તે બાબતે વિચારતા જ ચોધાર આંસુએ રડી પડે છે. આ પરિસ્થિતિમાં તેમણે જે રહીશોના ઘરે તેઓ કામ કરે છે તેમની સમક્ષ મદદની રાવ નાંખી છે પરંતુ શનીબેન તેમના પરિવારનો આધાર સ્તંભ છે. જો ગાંધીનગરના કોઈ દયાળુ દાતાઓ અથવા સેવાભાવી સંસ્થાઓ તેમને મદદ કરે તો એક પરિવાર વેર વિખેર થતુ અટકી શકે તેમ છે. જે કોઈ વ્યક્તિ આ મહિલાને મદદ કરવા ઈચ્છતા હોય તેઓ મોબાઈલ નં. ૮૨૩૮૦૪૦૯૮૯ પર શનીબેનનો સંપર્ક સાધી શકે છે.

# દારૂ પીને પકડાયેલા ચાર મિત્રોને સેટીંગ કરી પોલીસે જવા દીધા..!

## ગ-૨ સર્કલ પાસેના એક કોમ્પલેક્ષના ધાબે પાર્ટી કરી હતી : રૂ. ૫૦ હજારમાં જવા દેવાયાની ચર્ચા

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેરના સેક્ટર-૬, ગ-૨ સર્કલ પાસેના એક કોમ્પલેક્ષના ધાબેથી પાર્ટી કરીને નીકળેલા ચાર મિત્રોને પોલીસે રાત્રીના સમયગાળામાં પકડી પાડ્યા હતા અને ત્યાર બાદ રૂ. ૫૦ હજારનો વહીવટ કરીને પીધેલા શખ્સોને જવા દેવામાં આવ્યા હોવાની બાબત સુત્રો પાસેથી જાણવા મળી છે.

બે દિવસ અગાઉ રાત્રીના અરસામાં ગ-૨ સર્કલ પાસેના એક કોમર્શીયલ કોમ્પલેક્ષના ધાબેથી ચાર મિત્રોને પોલીસે દારૂ પીધેલી હાલતમાં પકડી પાડ્યા હતા. દારૂના નશામાં પકડાયેલા ચારેય મિત્રોને ઉપાડી લેવામાં આવ્યા હતા. અને બે-ચાર ધોલધપાટ કરી દેવાઈ હતી. પીધેલી હાલતમાં પકડાયેલા ચારેય મિત્રોને એટલુ તો ભાન હતુ કે હવે રાત જેલમાં કાઢવી પડશે. એટલે હિંમત કરીને રેડ પાડનાર પોલીસને શક્ય હોય તો વહીવટ કરીને વાત અહીં જ પતાવી દેવાનુ ચારેય મિત્રોએ ચોખ્ખેચોખ્ખુ કહી દીધુ હતુ. ભાવતાલ કરતા-કરતાં ૫૦ હજારમાં સેટીંગ કરીને કેસ કર્યા વગર ચારેય પિધેલાઓને રવાના કરી દેવાયા હતા. આ કોમ્પલેક્ષમાં પણ આ પ્રકરણે બે દિવસથી ભારે ચર્ચાઓ જગાવી છે.

# પતિ-પત્નિ નોકરીએ ગયા ને ઘરમાંથી તસ્કરો રૂ. ૨.૮૨ લાખની મત્તા સાફ કરી ગયા

## કોબા કમલમ કાર્યાલય સામેના ફ્લેટમાં ઘુસી આસાનીથી ચાઈનીઝ તાળુ તોડી તસ્કરો ધોળે દિવસે કળા કરી ગયા

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર-કોબા હાઈવે પર સ્થિત કમલમ કાર્યાલયની સામે સ્થિત મહાવીર હિલ્સ ફ્લેટમાં રહેતું દંપતિ ગઈ કાલે પોત પોતાની નોકરીએ ગયા તે દરમિયાન તેમના બંધ ફલેટને લાગેલું ચાઈનીઝ લોક તોડીને તસ્કરો ધોળે દિવસે રૂ. ૨.૮૨ લાખની મત્તા સાફ કરી ગયાનો કિસ્સો બનવા પામ્યો છે. સોનાચાંદીના દાગીના તથા રોકડની ઉઠાંતરી કરી ભાગી ગયેલા અજાણ્યા તસ્કરો સામે મકાન માલિકે ફરિયાદ આપતા ઈન્ફોસીટી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

કોબા હાઈવે પર સ્થિત કમલમ કાર્યાલયની સામે આવેલા મહાવીર હિલ્સ ફલેટમાં ચોથા માળે મકાન નં. સી ૪૦૪ ખાતે રહેતા ઉમેશભાઈ પ્રવિણચંદ્ર દવે નવનીત પબ્લીકેશનમાં નોકરી કરે છે તેમના પત્નિ શિક્ષિકા તરીકે ફરજ બજાવે છે. ગઈ કાલે પતિ-પત્નિ બંને ફલેટને તાળુ મારીને નોકરીએ ગયા અને બપોરે શિક્ષિકા પત્નિ ઘરે પાછા ફર્યા ઘરમાં જોયું તો દરવાજાનું તાળુ તુટેલું હતું અને સામાન વેર વિખેર પડયો હતો. તાત્કાલિક પતિને જાણ કરીને બોલાવી લેતા તે પણ ચોંકી ગયા હતા. ઈન્ફોસીટી પોલીસને તેમના ઘરે ઘરફોડીયાએ હાથફેરો કરી લીધો હોવાની જાણ કરતાં પી.આઈ. પી.બી. ચૌહાણ તેમની ટીમ સાથે પહોંચી ગયા હતા. સવારથી બપોર સુધીમાં કળા કરી ગયેલા તસ્કરો તિજોરીમાંથી ૬ તોલા વજનની ૪ નંગ સોનાની બંગડીઓ (કિં. રૂપિયા ૧.૫૯ લાખ) ૩ તોલાનું ૭૫ હજારની કિંમતનું મંગળસુત્ર, ૧ તોલાની ૨૫ હજારની કિંમતની ચેઈન, ચાર ચાંદીના સિક્કા તથા ૪ કાંડા ઘડિયાળ ઉપરાંત રૂ. ૨૦ હજાર રોકડા મળીને કુલ રૂ. ૨,૮૨,૦૦૦ની મત્તાની ચોરી કરી ગયા હતાં. ઉમેશભાઈની ફરિયાદને આધારે દિવસની ઘરફોડ અંગે પોલીસે ગુનો નોંધી તપાસ શરુ કરી છે.



શહેરની સફાઈ અને સ્વચ્છતાને જાળવવા માટે મનપા દ્વારા લાખોના ખર્ચે સફાઈના સાધનો સહિતની ચીજવસ્તુઓ વસાવવામાં આવી છે. કચરાપેટીઓ પણ મોટી સંખ્યામાં ખરીદી તેને મુખ્ય માર્ગોની આસપાસ ગોઠવી દેવાઈ છે. જો કે ઘણા ડસ્ટબીન એવા સ્થળોએ મુકાયા છે જ્યાં માનવવસ્તી નથી. સચિવાલયની પાછળ આવેલા માર્ગ પર ઠેર ઠેર ડસ્ટબીન મુકાયા છે, પરંતુ અહી માનવવસ્તી ન હોવાથી તે બીનઉપયોગી છે. જેની કોઈ કાળજી લેવાતી નથી. (તસવીર : દિપક જાની)

# ચિલોડા પંથકમાં ઉનાળુ જુવારના વાવેતર તરફ વધતો ઝોક

## પશુપાલનના પૂરક વ્યવસાયમાં ઘાસચારા માટે જુવાર ખૂબ ઉપયોગી

ચિલોડા, તા. ૧૦

ગાંધીનગર જિલ્લાના પૂર્વ વિસ્તાર ચિલોડા પંથકમાં ચાલુ સાલે ચિલોડા, છાલા, જાખોરા અને ઈસનપુર મોટા સહિતના વિસ્તારમાં ઘઉં-બટાટાની સીઝન પુરી થતા હવે ઉનાળુ પાક તરીકે ખેડૂતોએ જુવારના વાવેતર પર પસંદગી ઉતારી છે. પશુપાલનના પૂરક વ્યવસાય માટે લીલા-સૂકા ઘાસચારાની જરૂરિયાતને પહોંચી વળવા પણ જુવારનું વાવેતર ઉપયોગી નીવડે છે. જુવારના પૂળાનો ભાવ વધુ હોવાથી ઢોરને ખવડાવવા બહારથી ખરીદીને લાવવા ખૂબ મોઘા પડે છે. આથી ખેડૂતો જાતે જ વાવેતર કરવાનું વધુ મુનાસિબ માની રહ્યાં છે. જુવારના બિયારણ માટે ખાનગી દુકાનો ઉપરાંત સહકારી મંડળીઓ દ્વારા પણ વેચાણ કરવામાં આવી રહ્યું હોવાથી ખેડૂતોને મહદ્અંશે રાહતની લાગણી થવા પામી છે.


(તસવીર : નટુભાઈ પટેલ)

ઉનાળુ જુવારનું વાવેતર મોટા પ્રમાણમાં થઈ રહ્યું છે. ખેતી સાથે પશુપાલનનો પૂરક વ્યવસાય કરતા ખેડૂતોને લીલા-સૂકા ઘાસચારાની ખૂબ જરૂરિયાત રહેતી હોય છે. જે માટે જુવારના પૂળાની માંગ સારી એવી રહેવા પામે છે.

# સફાઈ કામદારોના પડતર પ્રશ્નો અંગે ઉપવાસ સાથે ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનની ચિમકી

## ગાંધીનગર-અમદાવાદ શહેર સફાઈ કામદાર યુનિયનનું વિવિધ પડતર માંગણી અંગે આક્રમક વલણ : જો ૧૦ દિવસમાં હકારાત્મક પ્રતિભાવ નહી મળે તો પ્રમુખ શાંતાબેન અન્ન-જળનો ત્યાગ કરશે

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર-અમદાવાદ શહેર સફાઈ કામદારા યુનિયન દ્વારા મહાનગરપાલિકામાં કાર્યરત સફાઈ કામદારોના પડતર પ્રશ્નો તાત્કાલિક ધોરણે ૧૦ દિવસમાં ઉકેલવામાં નહી આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની અને યુનિયન પ્રમુખ શાંતાબેન ચાવડા અન્ન-જળનો ત્યાગ કરશે તેવી ચિમકી ઉચ્ચારવામાં આવી છે.

ગાંધીનગર મનપામાં કાર્યરત કાયમી તથા રોજીંદા સફાઈ કામદારો, આઉટ સોર્સીંગ દ્વારા કાર્યરત કર્મચારીઓના પડતર પ્રશ્નોનો ઉકેલ સત્વરે લાવવા માટે ગાંધીનગર-અમદાવાદ શહેર સફાઈ કામદાર યુનિયન દ્વારા રાજ્યના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ સહિત જિલ્લા કલેક્ટર, શહેરી વિકાસ વિભાગના અગ્ર સચિવ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, મહાનગરપાલિકાના મેયર તેમજ વિરોધ પક્ષના નેતા, રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગ અને સે. ૬માં પોલીસ ઈન્સ્પેક્ટરને પત્ર લખીને માંગણી કરવામાં આવી છે. આ પત્રમાં યુનિયને તેમની માંગણીઓ અંગે જો દિન ૧૦માં હકારાત્મક પગલાં ભરવામાં નહી આવે તો યુનિયનના પ્રમુખ શાંતાબેન જી. ચાવડા અન્ન અને જળનો ત્યાગ કરશે તેમજ યુનિયનના તમામ કર્મચારીઓને ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ફરજ પડશે તેવી ચિમકી ઉચ્ચારવામાં આવી છે.

સફાઈ કામદાર યુનિયન દ્વારા રજુ કરાયેલ પ્રશ્નોમાં નવા નિમણુંક પામેલા કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચનો લાભ આપવા, મનપામાંથી આઉટસોર્સીંગ પ્રથાને જાકારો આપવા, સફાઈ કામદારોને માલિકીના ધોરણે આવાસો આપવા, સફાઈકાર્ય દરમ્યાન ગંભીર બિમારીનો ભોગ બનનાર કર્મચારીને કાયમી અનફીટ કરી તેમજ ચાલુ ફરજ દરમ્યાન મૃત્યુ પામનાર કર્મચારીના વારસદારને નોકરી આપવા, તમામ સફાઈ કામદારને પી.એફ.ની સવલત આપવા, લાયકાત-અભ્યાસ અને સીનીયોરીટી મુજબ બઢતી-નિમણૂંક આપવા, વેલ્ફેર સ્કીમ હેઠળ જમા કર્મચારીના નાણામાંથી વેલ્ફેર લોન આપવા, રોજીંદા સફાઈકામ કરતા તમામ કાદારોને કાયમી કરવા અને ફાયર બ્રિગેડ-મેલેરિયા જેવા વિભાગોમાં ફરજ બજાવતા કામદારોને કોર્પોરેશનના મળવાપાત્ર લાભો આપવા માંગ કરવામાં આવી છે.

# બસમાં દારૂની હેરાફેરી કરતાં રાજસ્થાનનાં ખેપીયા પકડાયા

## ખભે થેલા ભરાવેલા બે યુવાનો ચિલોડા બસ સ્ટેન્ડ પાસે ઉતર્યા ને પોલીસે ૨૩ બોટલો સાથે બંનેને ઝડપી પાડ્યા

ગાંધીનગર, તા. ૧૦

રાજસ્થાનથી બસમાં વિદેશી દારૂની બોટલોની નાની-મોટી ખેપ મારતા શખ્સો દર બે-ચાર દિવસે ચિલોડા બસ સ્ટેન્ડથી પકડાયા છે. આજે સવારે પણ ચિલોડા બસ સ્ટેન્ડે રાજસ્થાન તરફથી આવતી બસમાંથી ઉતરીને બે શખ્સો ખભે થેલો ભરાવી ઉતાવળે જઈ રહ્યા હતા. ચિલોડા પોલીસને શંકા જતાં બંનેને પકડીને થેલા તપાસતા દારૂની બોટલો મળી આવી હતી. પોલીસે ૨૩ નંગ દારૂની બોટલો સાથે બંને ખેપીયાઓની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

ચિલોડા પી.આઈ. એન.સી. ભરવાડની સુચનાથી હે.કો. વિરેન્દ્રસિંહ, પો.કો. દેવેન્દ્રસિંહ તથા ટીમ ચિલોડા બસ સ્ટેન્ડ પાસે પેટ્રોલીંગમાં હતી તે દરમ્યાન રાજસ્થાન તરફથી આવતી બસમાંથી ઉતરીને ખભે થેલા ભરાવી ઉતાવળે જઈ રહેલા બે શખ્સો પર શંકા ગઈ હતી. પોલીસે બંનેનો પીછો કરીને પકડી લઈ થેલાની તપાસ કરતાં રાજસ્થાનના ડુંગરપુર વિસ્તારના દિનેશ ઉદાજી મીણા પાસેથી ૧૨ નંગ દારૂની બોટલો અને રાજસ્થાનના ખેરવડા વિસ્તારના નરેશ જીવાજી મીણા પાસેથી ૧૧ નંગ વિદેશી દારૂનો બોટલો મળી ૨૩ બોટલો કિ. રૂ. ૧૨ હજારનો મુદ્દામાલ મળી આવ્યો હતો. પોલીસે બંનેની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

## ડૉ. આંબેડકરના ગ્રંથ પર વક્તવ્ય યોજાશે

ગાંધીનગર, તા. ૧૦

દલિત સાહિત્ય વિમર્શ મંચના ઉપક્રમે ડૉ. આંબેડકરના 'ભારતમાં જાતિઓ' ગ્રંથ વિશે જાણીતા કવિ અને લેખક રમણ વાઘેલાનું વક્તવ્ય તા. ૧૧-૪-૨૦૧૫ના રોજ ડૉ. આંબેડકર ભવન, સેક્ટર-૧૨ ખાતે સાંજના ૬.૦૦ થી ૭.૩૦ કલાકે યોજાશે. બાબા સાહેબની વિચારસરણીવાળા સાહિત્યકારોને ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવ્યુ છે.

## આજે રેશનલ સમાજની બેઠક મળશે

ગાંધીનગર, તા. ૧૦

રેશનલ સમાજ ગાંધીનગરની માસિક બેઠક આજરોજ શનિવાર સાંજે ૫.૦૦ વાગે બ્લોક નં. ૬૧/૧ ઘ-ટાઈપ, સેક્ટર-૨૩ ખાતે યોજાશે. બેઠકમાં પ્રવિણ ગઢવી નિવૃત્ત આઈએએસ 'ગુજરાતનો પ્રથમ રેશનાલીસ્ટ કવિ અખો' વિષય પર વક્તવ્ય આપશે. સર્વે સભાસદ મિત્રોને હાજર રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૪
સૂર્યાસ્ત : ૬.૫૯

### તાપમાન

મહત્તમ : ૩૮.૮ ડિ.સે.
લઘુત્તમ : ૨૩.૨ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૬૬ ટકા ● સાંજે ૩૧ ટકા

### મનોરંજન

**મૂવી પ્લેક્સ, કલોલ**

**સ્ક્રીન-૧ :**

ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ ૭ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

**સ્ક્રીન-૨ :**

બાજા બજા દેગે : ૧૦.૧૫, ૧.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

ડ્રેગન બ્લેક : ૪.૧૫

**સિટીપલ્સ**

**: સ્ક્રીન-૨ :**

ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ : ૧૨.૧૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૩ :**

ડ્રેગન બ્લેડ (ઈંગ્લીશ) : ૨.૪૫

ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ (ઈંગ્લીશ) : ૧૧.૦૦, ૫.૧૫, ૮.૦૦, ૧૦.૩૦

**સ્ક્રીન-૪ :**

હંટર : ૧૨.૪૫, ૧૦.૦૦

બરખા : ૧૦.૦૦, ૩.૪૫

એન.એચ-૧૦ : ૬.૪૫

**સ્ક્રીન-૫ :**

કેનવાસ (ગુજરાતી) : ૯.૦૦

બરખા : ૧૨.૩૦

એન.એચ-૧૦ : ૩.૩૦, ૧૦.૦૦

હંટર : ૪.૪૫

### આપની આજ

**મેષ** : પારિવારિક જીવન સંતોષપ્રદ રહેશે. દિનચર્યા ખૂબ વ્યસ્ત અને વ્યવસ્થિત રહી શકશે. નોકરીમાં સ્થિતિ સુધરશે. દરેક ક્ષેત્રમાં સન્માન પ્રાપ્ત થશે. વાહન ચલાવતી વખતે સાવચેતી રાખો. કુટુંબમાં સુખ-શાંતિ રહેશે.

**વૃષભ** : તમારા કાર્યની વૃત્તિ વ્યવહારિક હોવાની સાથે સાથે માનસિક શ્રમ-પ્રધાન હોવી જોઈએ. ઉત્સાહ અને પ્રયાસ તમને સફળતા પ્રદાન કરી શકશે.

**મિથુન** : પારિવારિક વાતાવરણ સહયોગાત્મક રહેશે. કાર્યક્ષમતા વધશે. જવાબદારીઓ વધશે, જેની પૂર્તિ કરવી પડશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. દિવસ આનંદમય રીતે પસાર થશે.

**કર્ક** : આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે. કુટુંબમાં ધાર્મિક તેમજ મંગળ કાર્યો યોજાશે.

**સિંહ** : યશ, ઉત્સાહ વધશે. પ્રયાસ સાર્થક થશે. ધાર્મિક કાર્યોમાં રૂચી વધશે. શુભ સમાચાર પ્રાપ્ત થશે. સંતાનના વ્યવહારથી સમાજમાં તમારી પ્રતિષ્ઠામાં કમી આવી શકે છે.

**કન્યા** : સમ્માનમાં કમીના અવસરનો સંદેશ. કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યાપારમાં હાનિ થવાની સંભાવના છે. કુટુંબમાં વડીલો સાથે વિવાદમાં ન પડવું . ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા-પ્રવાસનું આયોજન થશે.

**તુલા** : વ્યાપારમાં લાભની સ્થિતિ બનશે. સ્ત્રી પક્ષથી કાર્યોમાં સહયો પ્રાપ્ત થશે. શુભ સમાચાર મળવાથી મન પ્રફુલ્લિત થશે. સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે.

**વૃશ્ચિક** : સહયોગી અને ભાઈઓના વ્યાપારમાં વૃદ્ધિ થશે. ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે. નાણાંકીય કાર્યોમાં વિશેષ યાત્રા-પ્રવાસનો યોગ બની રહ્યો છે.

**ધન** : કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો.

**મકર** : કોઈ વિશિષ્ટજનની સલાહ તમારી સ્થિતિમાં લાભકારી પરિવર્તન કરશે. શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે.

**કુંભ** : શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી યોગ્ય રહેશે. રાજકીય તથા સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે.

**મીન** : ઉદાર મનથી પરાક્રમ કરો, સંબંધીઓને કારણે તમારી કીર્તિ વધશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.